ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૧ ટકા

# આજથી દશામાનું વ્રત : દસ દિવસ સુધી માઈભક્તો ઉપવાસ કરશે

## તારીખ ૨૮ જુલાઈથી દશામાના વ્રતનો પ્રારંભ : વ્રત કરતી બહેનોમાં ઉત્સાહનો માહોલ




ગાંધીનગર, તા. ૨૭

તારીખ ૨૮મીથી મા દશામાં વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે. મા દશામાનું વ્રત કરતી બહેનોમાં અનેરો ઉત્સાહ છે. ૧૦ દિવસ સુધી માતાજીની પૂજા કરવામાં આવશે. આપણી સંસ્કૃતિમાં અડધો અષાઢ માસ વીતે એટલે જુદા જુદા વ્રતની ઉજવણી શરૂ થઈ જાય છે. દશામાની મૂર્તિઓનું વેચાણ આ વર્ષે મોટી સંખ્યામાં થયું છે. શહેરીજનોનો ગઈકાલે મૂર્તિઓની ખરીદી કરવામાં ધસારો નોંધાયો હતો. આ સાથે વ્રત નિમિત્તે પૂજાની સામગ્રીઓનું પણ ખૂબ વેચાણ બજારોમાં જોવા મળી રહ્યું છે. દશામાના વ્રતમાં પ્રાંતઃકાળે સ્નાન કરી, ધૂપ-દીવો કરી, શ્રદ્ધાપૂર્વક દશામાની કથા સાંભળવામાં આવે છે. દસ દિવસ સુધી નકોરડા ઉપવાસ કરવામાં આવે છે. માટીની સાઢણી બનાવી તેનું પૂજન કરવામાં આવે છે. દસમે દિવસે એ સાંઢણીને નદીમાં પધરાવવામાં આવે છે. આ વ્રતમાં પાંચમા વર્ષે વ્રતનું ઉજવણુ કરવામાં આવે છે. આ વ્રત કરવાથી દશામા પ્રસન્ન થઈ વ્યક્તિની દશામાં સુધારો કરે છે.

### દશામાની વ્રતકથા

એક સુવર્ણ નગરીમાં રાણીએ તેના મહેલના ઝરૂખામાંથી જોયું તો શહેરની બહેનો કોઈ વ્રતની ઉજવણી કરતી હતી. રાણીને થયું કે આ વ્રત મારે પણ લેવુ છે. રાણીએ રાજાને વાત કરી. રાજાએ અભિમાનથી કહ્યું ‘‘હે દેવી ! આ બહેનો જે વ્રત કરે છે તે દશામાનું છે. આપણી પાસે તો બધું જ છે. આ વ્રત અને એ દશામાં આપણું શું ભલું કરવાનાં છે ? તમારે એ દશામાનું વ્રત લેવાની જરૂર નથી. રાજા દશામાનું અપમાન કરે છે. રાણી રાજાથી રિસાય જાય છે. આ દશામાનું અપમાન તેનાથી સહન થતું નથી. તે મહેલમાંથી નીકળી નદી કિનારે જતી મહિલાઓ પાસેથી આ વ્રત વિશે વિગતવાર જાણે છે. વ્રતી બહેનોએ કહ્યું અમે દશામાનું વ્રત કરીએ છીએ આ વ્રતની વિધિ એવી છે કે સુતરના દસ તાર લઈ ગાંઠ વાળવી, ગાંઠે ગાંઠે કંકુના ચાંલ્લા કરવા, ત્યારબાદ મહિલાઓએ આ વ્રત કરવું. દાસી જોડે રાણીએ રાજાને સંદેશો મોકલ્યો કે મારે આ વ્રત કરવું છે. પણ રાજાએ વ્રતની ના પાડી પુનઃ દશામાનું અપમાન કર્યુ તેથી દશામાના ક્રોધનો પાર ન હતો.

એક દિવસ દશામાએ રાજાને સપનામાં આવીને એક જ શબ્દ કહ્યો ‘પડું છું’ બીજા દિવસે પડોશી રાજા લશ્કર લઈને ચઢી આવ્યો. જીવ બચાવવા રાજા તેની રાણી તથા બે કુંવરોને લઈ જંગલમાં ભાગ્યો. ઘોર જંગલમાં રાજા-રાણી પરિવાર સાથે દુઃખી થયાં. રસ્તામાં એક વાવ આવી ત્યાં રાજા પાણી લેવા ઉતર્યા. પાછળ બે કુંવરો પણ ગયા. દશામાએ અદૃશ્ય થઈ બે કુંવરોને વાવમાં ખેંચી લીધા. રાજા સમજી ગયા કે ચોક્કસ દશામાનો આ કોપ છે. એ રાણીને આશ્વાસન આપતાં સમજાવે છે કે જેણે આપ્યા તેણે જ લઈ લીધા. હવે એ જ આપશે. આગળ જતા રાજા, રાણીને અનેક દુઃખો સહન કરવા પડ્યાં. એક વાડીમાં ગયા તો ત્યાંના ફળ-ફૂલ નાશ પામ્યા. માળીએ આ બંને પાપી છે એમ માની માર મારી ભગાડ્યા. રાજા તેમની બહેનના નગરમાં આવે છે. બહેન સોનાની ગાગરમાં ભાઈ માટે સુખડી તથા સોનાની સાંકળ મોકલે છે. પણ દશામાના કોપથી સુખડી ઈંટના કકડા બની ગઈ અને સોનાની સાંકળ કાળો નાગ બની ગયો. આ ગાગર પિત્તળની થઈ ગઈ. આ બધુ જમીનમાં દાટી રાજા આગળ ચાલી નીકળ્યો. આગળ જતાં એક વાડીમાંથી તેમણે વાડીના માલિક પાસે ખાવા માટે ચીભડું માંગ્યું. ખેડૂતે દયા કરીને એક ચીભડું આપ્યું. રાજાએ નક્કી કર્યું કે આગળ જઈને થોડો વિશ્રામ કર્યા પછી ચીભડું ખાવું અને ભૂખ સમાવવી. એ ગામના રાજાનો કુંવર બે દિવસ પહેલા રિસાઈને ભાગી ગયો હતો. સિપાઈઓ કુંવરની શોધમાં નીકળ્યા હતા. દશામાના કોપના કારણે રાજાના હાથમાં જે ચીભડું હતું એ કુંવરનું માથુ બની ગયુ. કુંવરના માથા પર નજર પડતા જ સિપાઈઓએ દોડીને રાજાને પકડી લીધો. દોરડાથી બાંધીને લાતો મારતાં નગરમાં લઈ ગયા. રાજાને કાળ કોટડીનો હૂકમ આપી બંદીખાનામાં નાખી દીધો. રાજા વગર વાકે કેદ થયો. રાણી પર દુઃખનો પહાડ તૂટી પડ્યો. એ રોજ જંગલમાં જતી લાકડાનો ભારો લઈ આવતી એ વેચીને જે પૈસા મળે એમાંથી પેટનો ખાડો પૂરતી. આમ દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા. અષાઢ મહિનો આવ્યો.

રાણીએ અષાઢની અમાસે દશામાનું વ્રત શરૂ કર્યુ. દસે દિવસ નકોરડા ઉપવાસ કર્યા અને મા ની ભક્તિ કરી જે રાજાએ અભયસેનને કેદ કર્યો હતો તેમનો કુંવર હેમખેમ ઘરે પાછો આવ્યો તેથી અભયસેનને જેલમાંથી મુક્ત કર્યા. રાજા રાણી જંગલમાંથી ચાલતા ચાલતા આગળ નીકળ્યા ત્યાં એક વાવ આવી જોયું તો વાવના કાંઠે દશામાં વૃદ્ધ ડોશીનું રૂપ ધારણ કરીને ઉભાં છે. બંને કુંવરો એમની આંગળી પકડીને ઉભા છે. રાજા-રાણી તરત માતાજી ઓળખી ગયા. મા ના પગમાં પડી ગયા. દશામાએ અસલ સ્વરૂપમાં આવી દર્શન આપતા કહ્યું હે રાજા ! હવે તારૂ અભિમાન ઓગળી ગયું છે. લે તારા દીકરા તું જે વાટે અહીં આવ્યો છે તે વાટે પાછા ફરો. તમે જે સુખ માટે ઈચ્છા કરતાં હતાં તે સઘળાં સુખ મળશે. રાજા-રાણીએ દશામાના આશીર્વાદ મેળવી કહ્યું કે હે દશામાં ! જેવા અમને ફળ્યા તેમ તમારૂ વ્રત કરનાર સૌને ફળજો.

## જન્મદિને વધામણી



દેવલબેન જોશી
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



પ્રેરક આર જોશી
રેડક્રોસ



જય રાકેશભાઈ રાવળ



હેતક્ષ ત્રિવેદી

## આર.સી.પટેલ સ્કુલમાં દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા.૨૭

આર.સી.પટેલ શાળામાં ધો.૯ અને ૧૧ના વિદ્યાર્થીઓની સમક્ષ દેશભક્તિ ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શાળાના વિશાળ હોલમાં યોજવામાં આવી હતી. જેમાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં પ્રથમ નંબરે ગઢવી હીત હેમંતભાઈ, બીજા નંબરે હીરવા એમ., તૃતિય નંબરે પટેલ મયંકે પ્રાપ્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં શાહ રૂપલબેને નિર્ણાયક તરીકે જવાબદારી સંભાળી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન મોદી હેતલબેન દ્વારા કરાયુ હતું. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે શુભેચ્છા પાઠવી હતી.

## વોર્ડ નં.૧૧ ભાજપના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ



ગાંધીનગર મહાનગર કિસાન મોરચો અને વોર્ડ નં.૧૧ ભાજપના સંયુકત ઉપક્રમે ભાટ ગામમાં હુડકો પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કિસાન મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બાબુભાઈ જેબલીયા, મહાનગર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, મેયર હિતેશભાઈ મકવાણા, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ગૌરાંગભાઈ પટેલ, મહાનગર ભાજપકિસાન મોરચાના પદાધિકારીઓ, વોર્ડ નં.૧૧ના કોર્પોરેટરો, સ્થાનિક સંગઠનના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.

## "વિજય ગાથા" સ્પર્ધા થકી યુવાધન દ્વારા વીર શહિદોને શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા.૨૭

ડિફેન્સ યુનિકોર્ન અને યુવાનો માટે પ્રસંગોપાત કાર્યક્રમ કરી ઉત્સાહિત કરતી સંસ્થા એ.આઈ યુથ દ્વારા "વિજય ગાથા" વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના વિવિધ ભાગ માંથી વિદ્યાર્થીઓ અને યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં દરેક વિદ્યાર્થીઓએ કારગીલ યુદ્ધમાં ભાગ લીધેલ અને શહિદ થયેલ ભારતના વીર સપૂતો ઉપર જાતે તૈયાર કરેલ સ્પીચ નિર્ધારિત સમયગાળામાં આપી હતી. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં ગુજરાતમાં રાજકોટ સ્થિત પ્રતિષ્ઠિત સંસ્થા રાજકુમાર કોલેજના ફર્સ્ટ ઓફિસર સંદીપ દેશમુખએ જજ તથા મુખ્ય મહેમાન રૂપે હાજરી આપી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ સિવાય આ કાર્યક્રમમાં એ.આઈ યુથના વડા તથા ડિફેન્સ યુનિકોર્નમાં માર્ગદર્શક તરીકે કાર્યરત હાર્દિક પરીખે પણ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા પોતાનું યોગદાન આપ્યું હતું.આ કાર્યક્રમમાં સંચાલક તરીકે ડિફેન્સ યુનિકોર્નના યુનિટ હેડ હિતેન્દ્રસિંહએ ફરજ બજાવી હતી. આ ઓનલાઈન કાર્યક્રમમાં ભાગ લેવા માટે ગુજરાતમાં અલગ અલગ ભાગો માંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું એમાંથી શોર્ટ લિસ્ટેડ થયેલ વિદ્યાર્થીઓએ પોતાની તૈયાર કરેલ સ્પીચ આપી હતી. આ સ્પર્ધામાં વડોદરા સ્થિત નિશા ઠાકરે ઉત્તમ સ્પીચ આપી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું જ્યારે થેજસ નાયર તથા આદિત્ય પાંડેએ અનુક્રમે દ્વિતિય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કાર્યક્રમના અંતમાં શ્રી દેશમુખ સરએ દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી આવા કાર્યક્રમો વધુ ને વધુ સંખ્યામાં યોજાવવા જોઈએ એવી ઈચ્છા વ્યક્ત કરી હતી જેથી આજના યુવાનો ભારત દેશના વીર જવાનોના બલિદાનને યાદ રાખી પોતે પણ દેશ માટે ઉત્તમ યોગદાન આપવા પ્રેરિત થાય. વધુમાં તેમણે પોતાના પિતા કર્નલ એ.વી.દેશમુખએ કારગીલ યુદ્ધમાં આપેલ અભૂતપૂર્વ યોગદાનને યાદ કરી એમનાં પિતાએ પ્રાપ્ત કરેલ મેડલ સૌ કોઈને બતાવી વાતાવરણ વધુ ગૌરવાવિંત બનાવ્યું હતું.

## સે-૨૨, પંચદેવ મંદિર ખાતે ફળોના હિંડોળાનું આયોજન



શ્રાવણ મહિનાના પ્રારંભ પૂર્વે જ ધાર્મિક માહોલ છવાયો છે. મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પંચદેવ મંદિર ખાતે ફળોના હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવિકોએ મોટી સંખ્યામાં તેના દર્શનનો લાભ લીધો હતો.

## આજે સે-૩/સીમાં આનંદનો ગરબો

મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩/સીના મધુબેન કે.કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો સે-૩/સી શક્તિ ચોક મંદિરમાં ૨૮ જુલાઈના રોજ બપોરે ૨ થી ૫ કલાક સુધી યોજાશે. તો સર્વે ભાવિક ભક્તોને આનંદના ગરબામાં પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગ્રીન ક્લબના સભ્યો નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની મુલાકાતે




ગાંધીનગર, તા.૨૭

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજના ગ્રીન ક્લબના પ્રવૃતિ થઈ રહી છે. જે અંતર્ગત પર્યાવરણ જાળવણી, સંવર્ધન, ગ્રીન ઓડીટ, કાર્બન ઓમીસન, સ્વચ્છતા જેવા વિષયો લઈને સમગ્ર વર્ષ દરમ્યાન પ્રવૃતિઓ અને મુલાકાતો ચાલે છે. ગ્રીન કલબની ૧૩૪ વિદ્યાર્થીનીઓએ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી હતી. ડો.અનિલ પટેલે બાળકો માટે ચાલતી વિજ્ઞાનના પ્રયોગ સમજાવ્યા હતા સાથોસાથ હેમ રેડીયોની કેવી રીતે ઉપયોગમાં લેવાય છે તેની માહિતી આપી હતી.

સમાજમાં પ્રવર્તમાન અંધશ્રધ્ધા કેવી રીતે ફેલા છે તેમજ તેનું નિવારણ અને નિરાકરણ કેવી રીતે થાયછે તેની પણ વિસ્તૃત સમજણ આપી હતી. કોલેજની ગ્રીન કલબના કો-ઓર્ડીનેટર ડો.પ્રણવ જોષીપુરા, પ્રા.તેજસ શાહ તથા પ્રા.પાયલબેન પંડ્યા વિદ્યાર્થીનીઓ સાથે ઉપસ્થિત રહયા હતા અને તેમનું પ્રોત્સાહન વધાર્યુ હતું.

## સહજાનંદ સ્કુલ ઓફ એચિવર ચિલોડાનું ગૌરવ



ગાંધીનગર, તા.૨૭

નડીયાદ ખાતે ૧૭મી જુલાઈના રોજ ઓપન ગુજરાત સ્ટેટ કરાટે એમ્પિયનશીપ તરફથી યોજાયેલી સ્પર્ધામાં કરાટેમાં ચિલોડાની સંસ્થા સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓએ સ્કુલના કરાટે કોચ સુરેશ પરમારના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સ્કુલના બાળકોએ બે ગોલ્ડ મેડલ, એક સિલ્વર મેડલ અને છ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને સ્કુલનું ગૌરવ વધાર્યુ હતું.

જેમાં યાના ચૌધરી અને દિત્યા મેવાડાએ ગોલ્ડ મેડલ, હેલી પટેલએ સિલ્વર અને જાગૃત પટેલ, ક્ષિતીજ પટેલ, નીવ પટેલ, પ્રિન્સ મેસરીયા, માનવીર જયસ્વાલ, ભક્તિ પટેલે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સંસ્થાના ટ્રસ્ટીઓએ તમામ વિજેતા બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં બ્યુટીફીકેશન વોકેશનલ કોર્ષનું આયોજન



ગાંધીનગર, તા.૨૭

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત હોમ સાયન્સ વિભાગ અને સીડબલ્યુડીસી અંતર્ગત સરકાર માન્ય સંસ્થા ફાગુન ફાઉન્ડેશનના સહયોગથી એક માસની વોકેશનલ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સના ઉદઘાટન પ્રસંગે આચાર્ય ડો.એમ.એમ.ચૌધરીએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી આજના સમયમાં રોજગારલક્ષી તાલીમ અને હુનર કલા પર ભાર મુકયો હતો. આ પ્રસંગે ફાગુન ફાઉન્ડેશનના ચેરમેન હરપાલસિંહ રાઠોડ બ્યુટીપાર્લર ઈન્સ્ટ્રકટર પ્રકાશબા બિહોલા, વોકેશનલ કોર્સના કો-ઓર્ડીનેટર ડો.હેમાંગીની વાઘેલા ઉપસ્થિત રહયા હતા. બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ આ કોર્સમાં ભાગ લઈને કૌશલ્યવર્ધન, કલા કામગીરી કરશે અને ઘરેબેઠા રોજગારનીતક નજીવી ફીમાં પ્રાપ્ત કરી શકશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.રાવલ નલીનીબેન રતિલાલ** ઉ.વ.૭૩, સેકટર-૮
- **સ્વ.ઠાકોર જગાજી સબાજી** ઉ.વ.૪૭, ફતેપુરા, પેથાપુર
- **સ્વ.દરજી કાન્તાબેન ગોવિંદલાલ** ઉ.વ.૮૯, સેકટર-૨૮